(બનામે ખુદા)

[illegible]

ધી પારસી ઓલફ્રેડ થીએટ્રીકલ કંપની થકી

ગુલફામની

[illegible]

ટોપ્સી—
—ટર્વી.

આવૃત્તી પહેલી નકલ ૧,૦૦૦.

[illegible]

ધી આલફ્રેડ થીએટ્રીકલ કંપનીના માલેક:

કાવસજી પાલનજી ખટાઉ.

[illegible]

તા. [illegible]

કીમ્મત આના બાર.

ધી કાયસરે હીન્દ પ્રીન્ટીંગ પ્રેસ, [illegible], મુંબઈ

(બનામે ખુદા)

પનોતી પારસી કોમની પતેતીના પ્રસંગ માટે

ધી પારસી આલફ્રેડ થીયેટ્રીકલ કુંપની થકી

ગુલફામની

કલમથી લખાયલો નવો એક અંકી ફાર્સ.

ટોપ્સી—
—ટર્વી.

આવૃતી પહેલલી નકલ ૨,૦૦૦.

છપાવી પ્રસીધ્ધ કરનાર

ધી આલફ્રેડ થીયેટ્રીકલ કુંપનીના માલેક;

કાવસજી પાલનજી ખટાઉ.

તા ૧૨-૯-૧૯૧૫.

કીમ્મત આના ચાર.

ધી કયસરે હીન્દ ઇલેક્ટ્રીક પ્રેસ, ચર્ની રોડ, મુંબઇ.

નાટક પાત્ર.

મી. મેટ્લુજી મટલુજી સુરદાલ.	એક રીટાયર્ડ ગૃહસ્થ, ચકાસેલા, દાટાબરયા.
જહાંબક્ષ જમરૂખી.	જરબાનુના હાથનો ઉમેદવાર અટક-ચાલ્યો જવાન્યો.
ફૂમલો.	મેલ્લુજીનો ગામડયો નોકર.
જરબાનું.	મેલ્લુજીની બેટી
સુના.	માસ્તરણે મોકલેલી કમ્પેનીયન

બનામે ખુદા.

ખુલાસાના બે શબ્દો.

પરવરની પનાહ હેઠળ આજે મારો એક વધુ રિકટ કદરદાન તમાશબીન સનમુખ રજુ થાય છે આજે મી. કાવસજી ખટાઉ સાથે જોડાણ કરવાનું મારી સરજતમાં સરજાયું છે જો કે મને વરસોથી મી. ખટાઉ સાથે ઓળખાણ છે, પણ કાંઇબી વાર નાટકની બાબદમાં તેવણ સાથ સમાગનમાં આવવાનો જોગ થયો નથી. બીજી નાટક મંડળીઓ સાથે મારૂં જોડાણ થવાથી મને જેટલો સંતોષ ઉપજયો હતો, અને મે પોતાને જેટલો ભાગ્યશાલી ગણ્યો હતો, તેટલોજ સંતોષ **"ધી પારસી આલફ્રેડ થીએટ્રીકલ કંપની"** સાથનાં મારાં આ જોડાણથી મને ઉપજયો છે, અને હુ મને પોતાને ભાગ્યશાળી ગણુ છુ.

આએ નાના ફાર્સ મી કાવસજી ખટાઉના હસ્તકમાં સોપતાં મારી ખાતરી છે કે મારા ફાર્સમાં જે ખામી હશે તેને મી. ખટાઉ તથા તેવણનો સ્ટાફ ખુબીમાં ફેરવશે. તેમજ લખાણમાં જો કાંઇબી રમુજી તત્વ હશે તો તેને બેવડા રૂપમાં તેઓ દીપાવશે

મારી એટલીજ દુવા ગુજારીશ છે કે મી. ખટાઉ પારસી સંસારી નાટકો તથા ફાર્સો રજુ કરવામા જેટલા ફતેહમંદ આગળા જમાનામા થયા હતા, અને જેવી નામના ગામડની ગોરી, ભોલીગુલ, કલજુગ, હોમલો હાઉ, નાજા શીરીન, વેહેમાયલી જર વગેરેમાં તે જમાનામાં તેવણે મેળવી હતી, તેવીજ નામના અને કીર્તી તેવણ પાછી હાલમાં મેળવે. અને વધુ સંસારી નાટકો તથા ફાર્સો રજુ કરી પોતાની શકતીની સાબેતી આપે, તેમજ તેવણના સુનંદા સ્ટાફને જસ મળે, જેથી પેલી જાણીતી કેહવત "એક પંથ દો કાજ" ખરી ઠરશે. મી. ખટાઉની મેહનત ફલશે, અને શોખીન પ્રજાને બે ઘડી ગમ્મત મળશે.

ખેર, એતો મી. ખટાઉની બડાઇનાં બ્યુગલ ફુંકાયાં, પણ અસલ બાબદને ભુલવી જોઇતી નથી. આવા સ્કિટ અવાર નવાર જોવાની પ્રજા માંગણી કરે છે, એવુ મને આજે કેટલીક મુદ્દતથી લાગતું રહયું છે, અને એવોજ ખ્યાલ આવતો રહયો છે કે આખી સાંઝ અથવા રાત દરમ્યાન એકજ આખો નાટક ચાલે તેને બદલે કાંય નહી કોઈ કોઈ વાર નાન નાના બે યા ત્રણ અખડ ટુકડા એક સાંઝના રજુ કરવામાં આવે?

હું ખાત્રીથી માનું છું કે એવો જમાનો હવે ઘણો દુર નથી કે મહીનામાં એકવાર એકાદ રવીવારની સાંઝે ત્રણ વાગાથી સાત વાગા સુધીમાં ખરા રમુજી નવા સાદા પ્લોટના ત્રણ જુદા જુદા સ્કિટ હાઇકલાસ કોમીક ભાષામાં રજુ થાય અને જો એ ધોરણ ચાલુ થયુ તો તે પ્રજા પસંદગી પામ્યા વીના રેહનાર નથી, અને નાટકના બજારમાં હાલ જે સીનેમેટોગ્રાફના સોદાથી થોડીક મંદી થઈ છે, તેમાં પાછી તેજી થવા વીના રેહનાર નથી.

લા૦ ગુલફ઼ામ.

ટોપ્સી–ટર્વી.

{ મેલ્લુજીના ઘરનું દીવાનખાનું. ફરજયાત ફરનીચર, ટેબલ, ખુરસી, ઇઝીચેર, સોફા. રાઇટીંગ ટેબલ વગેરે.

જર—મરેરે પપ્પા તો અવે દહારે દહારે ઘનાજ અકચ બનતા જાયછ. મીજાસના એવા અભાગ્યા બની ગીયાછ કે વા સાથે વીજેરૂ લેછ, કાલે કરાફર્ડ મારકીટમાં ગીયાં તો ઘાટીના પોરીયાઓનેજ છત્રી છત્રીએ મારવા દોર્યા, ઘરડી માછનને ગાર દીધી કે મારી દીકરી તરફ તે જોયુજ કાંય ? તેટલાં વરી કેરાંની છાલ પરથી પપ્પાનો પગ સરી ગીયો તો કાંદા પપેટા ઉચકીને ફરૂટવાલાઓને છુટ્ટા માર્યા, તે તે મુઆઓ મસ્કેરી મજાક કરવા લાગા કે માતારા એડા ઝાલા (અંદર જોઇને) લે વરી એવનજ લાકરી લઇને દોરતા આવેછ.

(મેલ્લુજી એક હાથમાં લાકરાંની ચીરને બીજા હાથમાં પાતલી નેતર લઇને આવેછ.)

મેલ્લુજી—મારી નાખું, બસ જીવથીજ મારી નાખુ, આજે એતે એજ ખુંનજ કરૂ

જર—પપ્પા-પપ્પા-સુ છે ? વરી કહાં લાકરાં કામહાં લઇને જાઓછ

મેલ્લુજી—ખુન કરવા, બસ ખુન કરવા જાઉછ. વચમાથી ખસ, આજે હૂં છેલ્લેજ પાટલે બેઠોછ-ખસ વચમાંથી

જર—પણ કોનનુ ખુંન કરોછ.

મેલ્લુજી—મરઘાનુ, મરઘાનુ ખુંન કરૂછ,

જર—પણ મુવા મરઘાએ સુ કીધુ ? તમુને જી ભરાયાને ચાંચબાંચ મારીકે ?

મેલ્લુજી—આએ આપરી પરોસન આલાં અવાચીનો મરઘો સવારના ચાર વાગાથી ઉઠીને કુકરેકુક કુકરેકુક કરીને જીવ કારેછે ને મારી ઊંઘ લેછ. આજે એનું ખુંનજ કરૂંછ, બસ જીવ લેઉં કે જીવ આપું.

જર—પન પપ્પા, મરઘો તો સવારના બોલ્યો ને તમુને છેક બપોરના બાર વાગે કેમ સુર ચરી આયું

મેહ્લુજી—મને યાદ નહીં રહેલી, હમના યાદ આવી, યાદ આવવા સાથે સુર ચડયું સુર ચડવા સાથે આંખમાં ખુંન આયું, ખુંન આવવા સાથે પીત્તો ઉછરયો, ને પીત્તો ઉછરવા સાથે આએ હૂં ચાલ્યો લાવ એક છરીબી લેતો જાંઉ કે મરઘાની મુંડીજ કાપી નાખુ (છરી સોધેછ)

જર—(મનમાં) હવે એવનને કેમ સમજાઉ! આલાં દોસી છે મુઇ જંદા જેવી તે ઉલતી પપ્પાનો હાથ પગ ભાંજી નાંખસે હવે કંઇ વાત ઉડાંઉ (મોટે.) પપ્પા ડીયર તમુને ખબર કે? ઘરમાં ધાના જીરાંનો મસાલો ખપી ગીયો છ, તે તમે ચીઠ્ઠી લખી આપો તો મગાવી લેઉં.

મેહ્લુજી—ખપી ગીયો? એટલા વારમાં ખપી ગીયો? તારી રાંધનારી આયા એટલા મસાલાને શુ કરેછ? કાલે પુડીગ ખાધેલું ને પરમે દહારે કસ્તર, તેમાં એટલો તે સું મસાલો નાખ્યો કે બધો ખપી ગીયો

જર—ઓવાય પપ્પા–પુડીગને કસ્તરમાં ધાણા જીરાંનો મસાલો કોણ નાખતું તું?

મેહ્લુજી—નહીં કે? તારે એ બેસીને ફાકા મારતી હોસે. કાંય નહી તુ રાંધે? કાંય નહી રાંધનારી આયાને રજા આપે, તુ રાંધનકલામાં સીખી આવી તે સુ હજામત કીધી. ખરેખર કહાં છે જરૂરીયાત ઘર સંસારી તાલીમ. કહાં છે ફરજ્યાત રાંધનકલાની કેલવની? ખોટ્ટા ખોટ્ટા સુધારા વધાર્યા જુઠ્ઠા જુઠ્ઠા બડાઇના બાંકા પોકારયાં પ્યાનાફાટ અને હારમન્યમ વગાડયાં, રાગરા તાન્યા ને ટેંગ્ગો નાચયા, પણ જયારે કાઇ સંસારી સુખ દુ:ખનો સમો યા સંજોગ આયો તારે સુનાસાવજ બની કોહેલાં ઇંડાની કાની મોના વકાસ્યાં

જર—પન પપ્પા, તમે એમ જરાજરામાં ખીજવઈ સુ જયા કરોછ જો.

મેહ્લુજી—એ આયાથી હૂં કંતારી ગીયોછ. હમનાને હમના એને હૂ રજા આપુંછ, અત્તર ઘરીએ કહારી મુકુંછ.

જર—રજા આપોછ? આયાને રજા આપોછ?

મેહ્લુજી—હાન્હાન્હાન્હમનાજ આયાને ચોટલો ધરી લાત મારીને ઘેરમાથી કહારી મુકુંછ. (પ્રસારા બંધ્ર જાયેછ.)

જર—આએ જંજાલ તે કંઇ નાહ્લી છે? આયા છે મુઇ ડખરડીગ જેવી ને પપ્પા છે ચેકેપ જેવા રએને પપાનું માંથુ મોનુ ભાંજી નાખે.

(અંદર ગરબર થાયેછ વાસણો જોરમાં ખખડેછે મેલ્લુજી નાહસી આવેછ અને બુરસીપર ચડીને ઉભો રહેછે. પાછળથી વાસણો ઉડી આવેછે)

જર—ઓ માયગે?

મેલ્લુજી—સાની બોહીને ચીસાચીસ પારેછ? જોની હું તો નથી બોહુતો!

જર—પન પપ્પા-આયાને તમે સું કેહયુ?

મેલ્લુજી—મે આયને કહયુ કે તૂ જા—ને આયાએ કેહયું કે હૂ જવસ નહિ કુમલા. ઓ કુમલો (કુમલો આવેછે)

કુમલો—આયવો હાબ

મેલ્લુજી—કુમલા, આએ બધાં વાસન કુસન ઉંચકીને રાનનીમાં લઇ જા

કુમલો—તે મારાં હહરા એ બધાં ઇહ્યાં કીહાંથી આવીને પયેરાં!

મેલ્લુજી—મે આયાને છુટ્ટા મારયાં તે અહી આવીને પરયા.

કુમલો—તે આયા ઉતી રાનની મઇ, ને તમે ઉતા ઓવડા મઇ. તે તમે છુટાં માયરા તે ઉડીને મારા હહરા ઇહ્યાં કેમ આયવાં

જર—એટલી બધી ખટપટ તુને સાની? લે ઉચક-લઇ જા

કુમલો—(વાસણ ઉચકતા મનમા) હેડે આયાને હાથે કોદરી ઝીલેલી લાગે એબા ધહેલાને તેબા ધહેલી એ લીયે છગે તો તે લીયે ચુલયો (કુમલો જાય છે)

મેલ્લુજી—દીકરા જર, બપોર પડી ગેઇ, એક વાગી ગીયો. હવે હૂ જઇ ભુક બાચક જમી, એ ઘરી ઘોંટઇ જાઉ છ (કુમલો આવેછ) કુમલાં હૂ જમીને ઉંઘઇ જાઉ ચ કોઇએ ગરબર સરબર કરવી નહી. મરઘા, કુકરાં, બટકાં કોઇ બોલે નહિ જો મરઘો વાસ્યોચ કે કુતરો ભોંસ્યો તો ઉઠીને તારૂ માથુ ફોરી નાખસ. (જાયછે)

કુમલો—આપરૂં માથું તો કેથુ નારયલની પખીન ફોરી લાખવા હરજેલું ચાલ બાપુ, જઇને મરઘાં કુકરાંને મુંગા રાખું નહિં કર એ જાગીને તેલખો મચાવહે. (કુમલો જાયછે.)

જર—પપ્પા આગલ મારા જહાંબક્ષને વરે વાત છેરવા માંગુછ. પણ જરા તારામીઠ્ઠા પરે તો વાત કરૂં કે ? જેમાં તેમાં લાકરાં કામકાં ઉચકેછ તો પછી કેઉંબી તે શું ? (જહાંબક્ષ આવેછે)

જહાં—હલ્લો જર હાઉડુયુડુ ?

જર—કવાઇટ વેલ ડીયર ઠેંકયુ ? પપ્પા પોહરેલા છે–એ ઘરી વાત કરવાનુ ઠીક બનસે–આવ બેસ.

જહાં—ચાલ ત્યારેતો આપરે પેલું કીંગ એન્ડ કન્ટ્રીવાલું ગાયણુ લલકારયે

YOUR KING AND COUNTRY WANT YOU.

We've watched you playing Cricket
and every kind of game
At foot-ball golf and Polo
You men have made your name
But now your Country Calls you
To play your part in war
And no matter what befalls you
We shall love you all the more
So come and join the forces
As your fathers did before

CHORUS
Oh, we don't want to loose you
But we think you ought to go
For Your King and your country
Both need you so,
We shall want you and miss you
But with all our might and main
We shall cheer you, thank you
Kiss you when you come back again

We want you from all quarters,
To help us South and North
We want you in your thousands,
From Falmouth to the Forth
You'll never find us fail you
When you are in distress
So answer when we hail you
and let your word be "yes"
And so your name in years to come
Each mother's son shall bless,

CHORUS

It's easy for us women
    To stay at home and shout
But remember, there is duty
    To the men who first went out
    The odds against that handful
    Were nearly four to one,
And we cannot rest until
    It's man for man and gun for gun !
And every woman's duty
    Is to see that duty done !

CHORUS

યૅાર કિન્ગ ઍન્ડ કન્ટ્રી વૅાન્ટ યુ.

વિઅવ વૅાન્ડ યુ પ્લેઇંગ ક્રિકેટ ઍન્ડ ઍવ્રી કાઇન્ડ ઑફ ગેમ,
ઍટ ફૂટ બૉલ, ગોલ્ફ ઍન્ડ પોલો, યુ મૅન હૅવ મેડ યૅાર નેમ,
બટ નાઉ યૅાર કન્ટ્રી કૅાલ્સ યુ, તુ પ્લે યૅાર પાર્ટ ઇન વૅાર,
ઍન્ડ નો મૅટર વૅાટ બિફૅાલ્સ યુ, વિશૅલ લવ યુ ઑલ ધ મૅાર,
સો કમ ઍન્ડ જૉઇને ધ ફૅાર્સીસ, ઍઝ યૅાર ફાધર્સ ડિડ બિફૅાર

કોરસ.

ઓ વિ ડોન્ટ વૅાન્ટ તુ લુઝ યુ, બટ વિ થિન્ક યુ ઑટ તુ ગો,
ફૅાર યૅાર કિન્ગ ઍન્ડ યૅાર કન્ટ્રી બોઠ નીડ યુ સો.
વિ શૅલ વૅાન્ટ યુ ઍન્ડ મિસ યુ, બટ વિઠ ઑલ અવર માઇત ઍન્ડ મેન,
વિ શૅલ ચીઅર યુ થૅન્ક યુ કિસ યુ વ્હૅન યુ કમ બૅક અગેન
વિ વૅાન્ટ યુ ફ્રૅામ ઑલ કવાર્ટર્સ સો હૅલ્પ અસ સાઉથ ઍન્ડ નૉર્થ.
વિ વૅાન્ટ યુ ઇન યૅાર થાઉજન્સ, ફ્રૅામ ફાલમાઉથ તુધ ફૅાર્થ,
યુલ નૅવર ફાઇન્ડ અસ ફેલ યુ, વ્હૅન યુઆર ઇન ડિસ્ત્રૅસ,
સો ઍન્સર વ્હૅન વિ હેલ યુ. ઍન્ડ લૅત યૅાર વર્ડ બિ " યસ "
ઍન્ડ સો યૅાર નેમ ઇન યર્સ તુ કમ, ઇચ મધર્સ સન શૅલ બ્લૅસ.

કોરસ.

ઇત્સ ઇજી ફૅાર અસ વીમૅન તુસ્ટે ઍટ હોમ ઍન્ડ શાઉટ,
બટ રીમૅમ્બર ધૅર્સ એ ડયુટી તુ ધ મૅન હુ ફર્સ્ત વૅન્ત આંઉટ,

ધ ઑાડ અગેન્સ્ત ધૅટ હૅન્ડ ફુલ વર નીઅર્લી ફ્રોર તુ વન,
ઍન્ડ વિ કૅનનૅાટ રૅસ્ટ અનતિલ ઇત્સ મૅન ફ્રૅાર મૅન ઍન્ડ ગન ફ્રૅાર ગન,
ઍન્ડ ઍવ્રી વુમન્સ ડયુટી ઇજ઼ તુ સી ધૅટ ડયુટી ડન.

કોરસ.

જહાં—ડીયર આપરે લવરઝ તો બન્યાં પણ ધણી ધણીયાની કારે બનસું ?

જર—નસીબમાં આેસે તારે.

જહાં—પણ તૂ નસીબને જરા ચમકાવની તાહરા પપ્પાને કહીને સમઝાવની

જર—તુંજ કહે ડીયર–મારા પપ્પાને તુંજ કહે–મનેતો કેહતાં બીક લાગેછ–તુજ પપ્પાને સમઝાવ.

જહાં—નારે બા, એ ડોકરો લાત મારે તો મારૂં નવુ ત્રાઉઝર બગડી જાય

જર—વારૂં તાહરે હુંજ પટાવી સમઝાવીને કબૂલ કરાવી દેવસ–પણ ડીયરેસ તુ ધનવા પછી મારૂ બધું કેહયુ કરસે કેની ? મારા કહયાં સાનનો રેહશે કની ?

જહાં—જોની ડીયર આજે લાખ્ખો માટીડા બઇરીના પાસાંમાં રાણ્ણા મરાધા બનીને બેઠાછ, તો પછી હુ એક વધસ તો કંઇ મોટી વાત થવાની નથી.

ગાયન.

આ સમઝીલે મુજનો એકરાર છુ આશક તારો હું દીલથી.
તું સીદ્ધી રેહ યા કરે તકરાર તોએ આશક તાહરો હું દીલથી
ને ટીચકુંબી ચડશે કોઈ વાર
ને કાપડીયાના બીલો આપતાં વાગે મારા બાર
ને સ્માલકૉાજ કોર્ટની આવે ધાર તોએ આશક તારો હુ દીલથી.
તું ધાસલેટ પીને લીગલ થાએ તોએ આશક તાહરી હુ દીલથી.
ને લીંગલ થઇને ટીગલ થાએ-તોબી આશક તારી હું દીલથી.
ને કલબમાં રોજના ગોટાં ખાએ
માહરી આયા તુને જોઇ કદીજો મચકાએ
(ને) લવ કરવામા નહી અચકાએ તોએ આશક તારા હુ દીલથી..
એખલી તું જઇ નાટક જોએ તોએ આશક તારો હુ દીલથી,
ત્યાઉં ભ્યાઉં રાતના ઉંધને ખોએ તોએ આશક તારો હું દીલથી,
બંદો ઘેરમાં એકલો રોએ એક બે ડજન બચ્ચાંઓની હાર લાગેલી હોય

સેવક સઉ ઓરત્યાં ધોએ તોએ આશક તાહરો હું દીલથી.
ફ્રેન્ડને તાહરી ઘેરમાં તેર તોએ આશક તાહરી હું દીલથી,
ખાઇ ખવાડી પૈસા વેર તોએ આશક તાહરી હું દીલથી.
થઇ જુગારી કર અંધેર ચાકુ છરી લઇને કદી કરશે તું મનફેર
કડકો થઇને ફાડશે ઘેર તોએ આશક તાહરી હું દીલથી.

(મેલ્લુજી પોતાના વાસ્કુટમા માકર જોતા આવેછ)

મેલ્લુજી—માકરે બધો ખાઇ ચાવી નાખ્યો. કુમલો કાંહ મરી ગીયો? એને માકર નહિં મારયા તો હવે હું એનેજ મારી નાખું (જર અને જહાં પર નજર પડેછે) ઓહ! આએ શું? ટાબલોવીવાં (સપાટ કાહરીને જંહાની પીઠપર લગાવેછે.)

જર—અરે પપ્પા પપ્પા એ સું કરોછ?

મેલ્લુજી—તારો પપ્પા મરે પેલ્લી રાતે ને તુ મરે પાછલી રાતે સીનેમેટોગ્રાફમાં જઇને આએ ધનક સીખી આવી કે? કુમલા, કુમલા?

જહાં—મેલ્લુજી સેઠ મારી ઇનટેનશન ઓનેસ્ટ છે હતો જરબાનુના હાથનો ઉમદવાર છેઉ

મેલ્લુજી—હાજી—ને આએ મારો પગ તમારી કમ્મર કુટવાનો ઉમેદવાર છે કુમલા. કુમલા, કહાં મરી ગીયો? એમ આવ?

કુમલો—(મનમાં) કુકરાં તો ભોયલાં નીહ? ને એ કેમ જાયગો.

મેલ્લુજી—એમ આવ. એમ આવી મર. જો આએ પારસીને બરાબર જો છે બાયસકોપની ફીલમ?

કુમલો—જોયો હાબ. એવન તો આપરો જેહાનબખસ

મેલ્લુજી—અરે જહાંબક્ષ હોય કે જહાંનમબક્ષ હોએ એને ફરીથી આપરા ઘેરમાં આવવા દેતોના જો ફરીથા એ દુકતો મારા ઘેરમાં આયોછ તો એન હૂ કંઇ નહિં કરસ પણ તુંને ઉચકીને બારી વાતે ફેંકી દેવસ.

કુમલો—(મનમાં) હરકારે નવો કાયદો બાંયધો ચોરને કાંઇ નીહ કરે, ને ચોકીદારને ગરદન મારે.

મેલ્લુજી—ચાલ એ દુકતા બહાર નીકલ—અત્તર ધરી બહાર નીકલ. તારો એક હરફ્બી હું સાંભલવા માંગતો નથી.

જહાં—મારી ધારણા ઓનેરેબલ છે સાહેબ.

મેલ્લુજી—ઉભોરે તારૂં આંધરા બેલને કાણી ભેંસ કહારી નાખુંછ. (જહાંબક્ષને લાત મારીને બહાર કાડેછ.)

જર—પપ્પા, તમે શુ ચીરડઇ જાઓછ. બીચારા જહાંબક્ષને તમે કેવું અપમાન કીધું

મેલ્લુજી—અપમાન નહિં કરૂ તો શું તમારો સીનેમેટોગ્રાફ જોઇને નાચું? ચાલ જા—જા તારા ઓરડામાં જા—નિકલ મારી આગલથી?

જર—હું-મને નકામી નકામી ધમકાવ્યા કરોછ. હં-હ-હં- (જર રડતી રડતી જાય છે.)

કુમલો—(મનમાં) હવે જરા ડોહાને તાઢો પારૂં (મોટે) હેઠ ચાય પીહો?

મેલ્લુજી—કેમ લાલાજી તમુને ધનાં નખરાં સુઝેછ? આએ હૂં ચાહે પીયુંચ? હેં?

કુમલો—અરે હેઠ એ હું ગરે પરના છો પેલી મોધરાં જેવી પોરીને નકામી ગાંગરી લાખી, તે બિચારી કેવી એખલી એખલી રરતી છે.

મેલ્લુજી—(નરમ પડીને) હા, ગાગરી તો ખરી, મારી દીકરી રરી પરી પણ કઇ નહીં એને નવી સારી અપાવીને પટાવી લેવસ. પન જો કુમલા બેસ, હુ તૂને વાત કેઉં. (કુમલો સેઠના પગ આગલ બેસેછ.) છોકરીની જાતને ધાક ધમકીમા રાખવી જોઇયે.

કુમલો—હોવે રાખવી તો જોઇયે

મેલ્લુજી—લારખી લરાવ્યે ને દમ બી ભરાવ્યે.

કુમલો—હોવે દમબી ભરાવ્યે.

મેલ્લુજી—એ બધી આએ જીમખાનાની મોહકાન છે

કુમલો—જીનખાનાનીજ મોહકાન હેઠ જીનખાનાનીજ મોહકાન!

મેલ્લુજી—પણ તેમ જીમખાનાના ફાયદાબી છે જો

કુમલો—હોવે ફાયદાબી ખરાજ તો.

મેલ્લુજી—તહાં જવાથી ઓરખાન પીછાન ઘણી વધે.

કુમલો—ઘણી વધે હેઠ ઘણી વધે.

મેલ્લુજી—તેમ વરી તાઈ તંબોલીઓની સોહબતનીબી અસર થાય.

કુમલો—હોવે હેઠ તેબી થાય ખરૂં.

મેલ્લુજી—તારે કંઈ ઉપાય કરવો જોઇયે કુમલા.
કુમલો—ઉપાય તો કરવો જોઇયે.
મેલ્લુજી—ઉપાય કરતાં આપુને આવરતુ નથી.
કુમલો—ને મુનેબી નીં આવરે હેઽ
મેલ્લુજી—ઉભોરે ઉભોરે એક ઊપાય સુઝયોચ તે ઉપાય હૂ કરૂંછ હા ! જબરદસ્ત ઊપાય (લખવા બેસે છે)
કુમલો—(મનમાં) એવરી હું અગરો બગરો બીલારૂં ચીતરવા બેઠો રખેને આરૂં તીરૂં લખીને કોઇને ફફરાવી મારે ? બહુ લાંબ? ટુકા હાથ કરતો છે કાગદ હાથે લરી મરવાનો તો-કલમ બાપરી ભાંગી ટુટી જવાની.
મેલ્લુજી—કુતરા-અરે કુમલા, લે આએ ચીઠ્ઠી બાલક બોધક શીક્ષણ શાસ્ત્રી સ્કુલમાં આપી આવ.
કુમલો—કીશ્રા આપી આઉં ?
મેલ્લુજી—ઇસ્કોલમાં-ચોપાટીવારી ઈસ્કોલમાં
કુમલો—આપરી જરબાનુ ભયણુવા જાતીથી તે નીહાંરમાં ?
મેલ્લુજી—હા—જલ્દી જજે નહિ તો ગોવાયા ના કરતો. હવે જરા જઇને જરને પટાવી લેઉં. (જાયછે.)
કુમલો—(કાગલ જોતાં.) એ નીહારે કાગદ લયખા તે પોતે પાછો નીહારે તો બેહવાનો નીહ થીઓ ?

(કુમલાની પીઠેથી જહાબક્ષ કમ્મર દાબતો આવેછ.)

જહાં—બુઢ્ઢાએ લાત તો સાબુત લગાવી અરરરરરર.
કુમલો—ચીઠ્ઠી આપવા દોરી પુગુ (પાછું ફરતાં જહાંબક્ષ સાથે અથડી પડેછે.) ઓઇરે મારા બાપ તું કીકાથી આયવો ?
જહાં—તે એટલો બધો બીહછ કાંય ?
કુમલો—લે વરી કે જે બીએ હાનો ? હેઠે કીધેલું કે તું બારણા વાટે ઘરમહીં આવહે તો હું બારી વાટે ઘરની બહાર જાવા.
જહાં—કુમલા, મેં તારી સાથે ઘણી લાયકી કાધીછ હ.
કુમલો—હોવે, ચાર વાર પાવલી આપેલી ને પાંચ વાર ધબ્બા મારેલા, ઘણી લાયકી કીધેલી.
જહાં—જો જર સાથે હું પરનસ તો તુને નવાજીને નેહાલ કરી નાંખસ.
કુમલો—પન પયનવા અગાઉ અદરાતો ખરો, ને અદરાવા અગાઉ ડોહાને હમજાવતો ખરો, ને ડોહાને હમજાવવા અગાઉ મુને બારી વાટે ઉરી

જાતો અટકાવતો ખરો.

જહાં—આએ તારા હાથમાં ચીઠ્ઠી સાની ?

કુમલો—હેડે પુગારવા આપેલી. (જહાં ચીઠ્ઠી પરનું સરણામુ વાચેછે.)

જહાં—હૂ હમણા ચોપાટી તરફજ જાઉછ. તે ચીઠ્ઠી પુગારતો જવસ. તુ બીચારો બુઢો માનસ કહાં ચોપાટી વેર ટાંટયા તારસે.

કુમલો—તીવારે તો ઘણી મેરબાંની. હાવા પુગારી આવજો હેડ. ને ડોહાને કહેતા રખે નીહકર મુને મારીને ગુન રોટલો કરી લાખ્ખે.

મેલ્લુજી—(અંદરથી) કુમલા—કુમલા—આવતો, મારા ધોલ્યાની છત્રીપર કાગરો બેસીને કો, કો, કરેચ તેને હાંકતો.

કુમલો—કાગરો હાંકી આંઉ (દોરી જાય છે.)

જહાં—(ચીઠ્ઠી ઉખેડીને વાંચેછે.) બાઇસાહેબ મીસીસ માનેકબાઇ માકુજી માસ્તરન. જત, મારી દીકરી જરબાનુ ને વાસ્તે એક સોજજી જેવી પારસી બાઇને કંપેનીયન તરીકે રાખવાની છે માટે કોઇ ભલી, સીખેલી, સાન સલુકની બાઇ, તમારી પાસે સીલકમાં ફાજલ પડેલી હોય તો ઊતાવલે, તાકીદે, એકદમ, મોકલજોજી. તેને કેહજો કે ઘરમાં ખાય તો અહીં આવીને પાની પીએ, મોટર ટેક્ષીમાં બેસીને ચારે પગે ઘોડાને દોરાવીને આવે પગાર, રૂ ૩૦ ધોબી ધોવામન ને બુટ સપાટ બાઇને માથે.

લા. મેલ્લુજી મટલુજી મુરદાલ.

(કુમલો આવે છે.)

કુમલો—કાગરો હાયંકો ને હેડને હુજની બોઢારી પોઢારીને હુવાયરો.

જહાં—કુમલા, તારા ઘેરમાં અસતરો છે ?

કુમલો—કેમ ગરૂં કાપવા કે ?

જહાં—નહી, મૂંછ બોરવા.

કુમલો—મૂંછ બોરવા ? આપરાં ડોહાં ડગરાં કંઇ ગીયેલાં કે બરદ પુછાલોને મરદ મુંછાલો.

જહાં—હવે તું વાયજ કરવા ના ઉભો રેહની, જા અસતરો લેઇ આવ.

કુમલો—અહતરો તો નીહ મલે ગોસ છુંદવાનો છરો લાઉં ?

જહાં—ઇડીયત, છરાએ તે મુછ બોરાતી હોસે ? (મનમાં) હેર કટીંગ સેલૂનમાં જઇને દારૂખાનું ગોઠવી આઉંછ ને બારોબારજ કાપડયાની દુકાનેથી સારીને બલાઉઝથી માટીડાની માટીડી બની જાઉંચ. (દોડી જાયછ)

કુમલો—એ હુધરેલો પયરો તે મુંછ બોરાવા નીકયરો આગાઉ તો મુંછ બોરાવે તો બાપ દાદાની આબરૂ જાતીથી, ને હવે મુંછ બોરાવે તો ફુલાહીફરને પરાહેફરમા ખપાય. મારો હહરો જમાનોજ કલજુગનો આયવો તો

ગાયન.

સું ઉલટો જમાનો આયો, આ સુધારો કુધારો લાયોરે
જયાં નેકી હતી સઉ રીવાજે ત્યા પોલાં ઢોલક વાજે,
ભોલાં ડાહયાં સઉ કેહવાતાં, સતસતીના ગીતો ગાતાં
જે મલ્યુ સતોષે ખાતાં, રેહતાં ખુશ થઇ રાતા માતા
થોડૂ મલવે સઉ ધરાંતાં —ત્યાં એવો
આગલ જયાં ડગલીના બંદો, નેકટાઇ આજે મેલો ગંદો
નીતીનો ધંધો છે મંદો–સારા ખાનદાની ફરજંદો
કરશે ખોટો સાચો ફંદો —એવો.
લાંબી ડગલી પેહરતા સ્યાના, હાલમા જોઇયે કોટો નાહના
ડગલીમા તો રેહતા નાના, કોટમાં ફુટયાં હોએબી સાના
ગજવા પાકીટ સઘલા કાના—એવો.
અસલી સાચી રીતે ચાલે, માથુબાનું હોએ કપાલે
જે રીવાજે હાલના પાલે, ખુબસુરતીના જુઠ્ઠા ખ્યાલે
માથુ ભરસે ખોટે બાલે—એવો.
આગલ ઘાટની જાડી સાડી, હાલની બે દિવસમાં ફાડી
ખોટી વાતોને ઉપાડી, ફેસનનો એ ભૂત જગાડી
પેન્ટ લગાડી, મોહ બગાડી—એવો
પેહલ્લાં ટુકી બોંએની ચોલી, લાંબી કરવા તેને ખોલી
એ ફેશન થઈ જ્યારે પોલી, જુનીને સુન્નેથી તોલી
પાછી આવી ચોલી ભોલી,—એવો

(જર, આવેછ.)

જર—કુમલા, મારો જહાં પાછો આયો તો કે?

કુમલો—હોવે, આવેલો.

જર—તે કહાંછે ? કહાંછે ?

કુમલો—યે એમ હું કરે? મારી ઓટીમાં ખોહેલો કે? તે તો આવેલો ને પાછો ગીયેલો.

જર—પાછો ગીયો? કહાં ગીયો?

કુમલો—કોન જાને હજામત કરાવા ગીયો કે હજામ બનવા ગીયો.

જર—મારા જહાં વાસ્તે એવું ના બોલતો જો બોવારીયું તેની ઉપરથી હજામ બનવાનું, એ તો મારો જી ભરાયો બેંકનો મેનેજર બનસે.

કુમલો—હોવે, અવરાં બેંકના ડોબરાં થોડાં ઉયડાં તે એક વધારે ઉડહે.

જર—મારો જહાં આવે તો તેને કેથે છુપાવજે ને મને હરૂસે કેહવા આવજે.

કુમલો—ને બારી વાતે ઉરી જવા તો તમે પકડહોકે?

જર—અરે એતો બાવાજી અમથા બોલે તું બીહતો ના ને જો બારી વાટે ફેંકી દેસે તો બગીચામાં બધી નરમ નરમ મટોરી છે તે તને ઘનું લાગસેબી નહિં, ને જો લાગસે તો હ તારી દવા દારૂ કરસ સમજીયો. (જાય છે.)

કુમલો—હધ્યારો તો હારો આપે (અંદર જોઇને) ઓઇરે મારા બાપ, ડોહો આયવો, છુપાઇ જાઉ, નીહકર કેહેકે ચીઠી આપવા કીમ નીહ ગીયેલો (છુપાય છે મેલ્લુજી આવે છે)

મેલ્લુજી—સારૂં થયુ કેયાદ આવી ગીયુ. એ કમ્પેનીયન હજુ આવી નથી તેથી લાગેછ કે ચીઠી પુગી હોસેજ નહિ માસ્તરન ઇસ્કોલમાં નહિં હોસે ને ઘેરમાં હોસે તો ચીઠ્ઠી ઘેરવલે જસો આપરૂ ભેજું ચપલ તે તરતજ ખ્યાલ આયો. કુમલો તે બીચારો ચોપાટી ચીઠ્ઠી પુગાડવા ગીયો હોસેજ આએ બીજી ચીઠ્ઠી લખીછ તે માસ્તરનને ઘેર મોકલું તે નહિં તો એ, ને એ નહિં તો તે, ચીઠ્ઠી પુગસે ને પુગસેજ. ઇહુ માલી પરવારતો છે તેની પાસેજ ચીઠ્ઠી મોકલૂં

(બીજી તરફથી જાય છે કુમલો બહાર નિકલે છે.)

કુમલો—એ ડોહો ગેંગે ગેગેં હૂ બબરી ગીયો? આપુને તો હંભરાયલૂંની

(જહાંબક્ષ સારી પેહરી બઇરી બની આવે છે.)

જહાં—મી. મેલ્લુજી મતલુજી મુરદાલ અહીંજ રેહેછ કે?

કુમલો—હોવે. તે તમે કોણુ બાઇહાબ.

જહાં—મારૂં નામ તો છે તે કરીને જાઇજી ઝપટ. તારા સેઠને જઇને કેહ કે હું મલવા આયોછ—આવીછ.

કુમલો—તે તમે પયનેલાં કે પયનવાના?

જહાં—તે કાંય પુછતો હોસે?

કુમલો—હેટ કાંધેલૂં કે પયનવાની હોય તેને મીહ કેવી, ને પયનેલી હોય તેને મીહીહીહ કેવી; તેથી પુછું.

જહાં—તે જઇને કેહ કે મીસ જાદજી ઝપટ આયાંછ. (કુમલો જાય છે.) જો ખુદાએ જાનીયું કે આએ જાદજી ઝપટ નહિં પન જહાંબક્ષ ચીલઝપટ કરવા આયોછ તો આએ એક તરફ દુખારો થાય છ તેને બદલે બાર તરફ થવાનો બઇરાની કાની બોલવાની પ્રેકટીસ રાખવી જોઇસે યાર કાસી સુધી જવાનું છે રખેને કલ્યાનીમાંજ કોટલુ નીકલે (મેલ્લુજી ને કુમલો આવે છે.)

મેલ્લુજી—વરી કોન મલવા આવી મુવું? (જહાંને જોઇને મધન થઇને હસે છે.) બઇરૂં તો મઝાનુ છે, અરેં વાહરે મારી અલબેલી (આગલ જઇને.) આવોજી આવોજી, બેસોજી બેસોજી

જહાં—કંઇ નહિંજી, આપ બીરાજોજી (બેઉ એક એકથી દૂર ખુરસી પર બેસે છે.)

મેલ્લુજી—(બહુ લટકાથી) બાઇ સાહેબને અરજ કરૂં કે આએ મુલાકાતનુ માન મને સા કારણે મલ્યું?

કુમલો—(મનમાં) અરે વાહરે તારો લટકો, જાને ઇચ્છા પોરનો પટેલ

જહાં—જી, તમોએ આએ ચીઠ્ઠી મીસીસ માનકબાઈ માસ્તરન ઉપર મોકલેલી તેથી તેવને મને તમારી આગલ મોકલયોછ, હ હ હ મને મોકલીછ.

મેલ્લુજી—ખુરી ખુરી ખુરી તમુને થોંસો થઈ આયો કે? જીનજરેલ મંગાંઉ? બોખારી આલૂ ખાસો? સરમાંતા નાજો! બેલાસક માંગજો.

કુમલો—(મનમાં) ડોહો નો લદ્દુ બજર બટ્ટુ બની ગીયો

જહાં—કંઇ નહિંજી એતો જરા ગરૂ ખખરી આવેછ.

મેલ્લુજી—ત્યારે તો મગરનું તેલ પીયો, નહી તો ઓટો લીકરીઝની લાકડી મંગાંઉ? તમે ઓસકાવના, મારા સમ.

જહાં—અરેજી તમે સમ સુંકામ ખાવોચ જો હં હં હં ચાલો તારે તો બ્રાન્ડી યા વીસ્કીનો એક પેગ હોસે તો ચાલસે.

મેલ્લુજી—સું સું બ્રાન્ડી વીસ્કી?

જહાં—અરે નહિંરેજી મકું મારાં મોટાં માયને અવર નવર થોંસો થાયછ તારે તેવન જરા પીયેછ તેથી મકુંજે

(કુમલો બેન કોતક જોઇને હાંસે છે મેલ્લુજી ચાટ પરીને.)

મેલ્લુજી—કુમલા, તું અંહી સું ધકેલા ખાયા કરેછ? જા ઓરડામાં જાને સાફ સુફ કર, બોલાઉં તારેજ આવજે. સાંભારીયું કે, બોલાઉં તારેજ આવજે તાં સુંધી આવતોજના.

કુમલો—વારૂં હાબ. (મનમાં) તું રંગીલો બનેલો તે બોલાવહે હાનો ?
(કુમલો જાયછે.)

મેલ્લુજી—(ખુરસી જરા આગલ ખેંચીને.) તે તમે નોકરી રહેવ આયાંછ કે જી ?

જહાં—(પોતાની ખુરસી મેલ્લુજીની ખુરસી તરફ સેજ ખેંચીને.) હાજી, જો તમો સાહેબની પંસદગી મેલવું ને નોકરી મલે તો ધને આભારી હું હું હું, ધની આભારી થવસ.

મેલ્લુજી—અરે એમાં આભાર સાનો જો ? તમુને જોતાંજ તમે તો મને ધનાજ ધનાજ ધનાજ ગમી આયાંછ.

જહાં—જી, તે નોકરી સું કરવાની તે ફરમાવશો.

મેલ્લુજી—કંઇજ નહિં, બસ સવારે મોડે વેર પોહેરી રેહવાનું, સાંજે અસુરે વેર લેટી રહેવાનું, આખો દારો ખાઇ પીને ફરયા કરવાનું, ને બસ આએ ઘેર પોતાનુંજ સમઝવાનું.

જહાં—(મનમાં.) બુઢો તો ચકાસ્યો.

મેલ્લુજી—(મનમાં) દુકતી ચેતી ગેઇછ. કેવી મજાની બુચી બચુકલી છે જો. (મોટે.) મારી દિકરી જરની ઉપર નજર રાખજો. કોઇબી માટીડો મનખ એને મલવા આવે તારે તમે હાજર રેહજો એને ઘડીબી વીહલી મુકતાં ના.

જહાં—આખો વખત તમારી દિકરીની સોરમા સપોવાવા મને ધનુંજ ગમસે.

મેલ્લુજી—ને તમે મારી પાસે રહેસો તે મનેબી ધનું ઉઉંઉંજ ગમસે.

જહાં—(મનમાં.)પુરેપુરૂં ચકાસ્યુ. હવે બુઢાને પુરો ગધેરો બનાઉં (મોટે.) તમારી ધની મેહરબાની, તમે ધનાજ મયાલુ છેઓજી.

મેલ્લુજી—જા તારે બાન્તમે એમ સું બોલ્યા કરોચ જો. વારૂં હું એમ પુંછું કે તમે પગાર શું લેસો ?

જહાં—ગમે તે આપજોજી. રૂ. ૫૦) એક મલસે તો.........

મેલ્લુજી—૫૦ ? મારા ૬૦-પોણોસો, બસ ? અરે તમારા જેવી છોકરીના નામ પરથી એટલા રૂપ્યા તો ઓવારી નાખું ઓવારી. ને કેવો તો હુંબી ઓવરઈ જાઉં.

જહાં—અરે ઓવારૂંરે ઓવારૂં, કોઇ ભુંડાની માંગતી ઓવરાય, તમે આસા ઉંમેદના ભર્યા ને તમારી ઉપર હમારી બધી આસા ઉમેદ ને તમે એમ સું અપ સગન બોલોચ જો.

મેલ્લુજી—(મનમાં) દુકતી પીગલી ગેઇ તદનજ પીગલી ગેઇ. અરે મારાં કલેજાં. (ખુરસી જોડમાં લાવીને) જોઓ હું તમુને વાત કેઉં તે સાંભલો. આપરે જે વાતચીત કરીયે, સમજોની કઈ ઘેલાં ચેરાંબી કારીએ તે જરબાનુને તમારે કેહવુંજ નહિં

જહાં—નહીં કેવસજી. એવું તો બધું હૂ ખાનગીજ રાખસ. એવી કઈ ચેરાં ચવીત્રાંની વાત કહેવાય?

મેલ્લુજી—તમે બધું સમજી ગીયાંછ. આહીઓ લુંચ્ચાં?

જહાં—મારે વરે એક નાલ્લો જુદો ઓરડો આપસો તો ધની મેરબાની.

મેલ્લુજી—એક ને બદલે બે. આખા બંગલામાંથી જે તમુને ગમે તે સઉથી સારા બે ઓરડા ચુંટી વીણીને લઇ લેઓ.

જહાં—ને એક આયા કે નોકર......

મેલ્લુજી—અરે પન તમે પુછોચ સાના જો ડીયર? નોકર ચાકર, માલી, મસાલ સઉ તમારા. મારી દીકરી તેબી જાને તમારીજ. બલ્કે સમજી લેઓ કે હૂબી તમારોજ

જહાં—(મનમાં.) મારો થઇને ડોસો નેહાલ થઇ જવાનો. (કમર દાબે છે.) અરરરરરર.

મેલ્લુજી—સું છે? સું છે? જીરે તમુને બધા.

જહાં—એક ગધેડાંએ લાત મારીતી તે જરા દુખયા કરેછ.

મેલ્લુજી—સત્યાનાસ જાયરે તે ગધેડાંનું. લાઓ તમારો પગ દાબું. તમે સરમાઓ ના.

જહાં— નહીરેજી કોઇ જોસે જાસે તો ઘનું ખરાબ લાગસે.

મેલ્લુજી—(મનમાં) સરમાયછ. હમના તો સરમાયછ. ધીરે ધીરે રાહપર આવી જસે. (મોટે) હવે મારી દિકરીને તેરીને તેની સાથે તમુને ઇંટ્રોડયુસ કરૂંછ. કુમલા, કુમલા! એમ આવતો?

કુમલો—(મનમાં) ઓયરે મારા બાપ, ડોહો તીફા બેઠેલોને પોરી ઇફા બેઠલીતે એ બેઉ મારાં વાહલાં હાથે કેમ થી ગીયાં? લોચુંબકથી ખેંચાઈ ગીયાં હૂં.

મેહ્લુજી—કુમલા જાતો આપરી જરબાનુને બોલાવ તો?

કુમલો—વારૂંજી, (જાય છે.)

મેહ્લુજી—હૂં ધારૂંછ કે જર તમુને ઘનીજ ગમસે.

જહાં—ને હૂં ધારૂંછ કે જરને હુબી ઘનોજ ગમસ હું હું ઘની ગમસ.

મેહ્લુજી—અરે તમે કોનને નહિં ગમો? દૂર કહાં જાઓછ? મને પૂછોની? મને તમે ઘનાજ ઘનાજ ઘનાજ ગમોછ...... .. .

જહાં—હૂ તમારી ઘની ઉપકારી થયોછ હુંહું થઇછ.

મેહ્લુજી—(મનમાં) બીચારી બોલતાં બોલતાં ઘભરઈ જાયછ. પ્યાર મોહબત કોઇ દહારે કીધો નહિ ઓસે કેની તે એમજ થાય. (મોટે) હમના જર આવસે તેથી આપરે જરા હમના તો તમે સમજીયાંની. (બેઉ ઉઠીને એક એકથી દર ઉભાં રહે છે. જર અને કુમલો આવે છે.)

જર—સું કેવોચ પપ્પાજી. રાંધનારી આયા તો પોતેજ કપરાં ચપરાં લઇને નાસી ગેઈ

મેહ્લુજી—કાંય નાસી ગેઈ?

જર—તે કેજે સેઠને મેં મારીયા તે સેઠ ફ્રર્યાદી માંડસે કરીને નાસી ગેઈ.

મેહ્લુજી—અરે ચપરે ચપ, પેલી બાઈ સાંભરસે તો કેહસે કે નોકર ચાકરને હાથે શેઠ માર ખાયછ.

જર--તે એવન કોન?

મેહ્લુજી—એવન મીસ જાઈજી ઝપટ, મેં એવનને નોકરી રાખ્યાંછ.

જર—તે એવન સુ કામકાજ કરીને ઘરી પરવાના છે.

મેહ્લુજી—એમ નહી બોલ્યે દિકરા એમ નહિં બોલ્યે. એવન તારી આગલ કમપેન્યન તરીકે રેહેસેને તારી માવજત કરસે. ને મને સોહવાસે નહીં તારે મારી સાથે પીસનીકોટ નહી તો નાકટીપકી રમસે. મીસ ઝપટ આએ મારી દિકરી જરબાનુ જા દીકરા સેકીન કર કોટી કર.

જર—(બહુજ આનાકાનીથી જહાં આગલ જાય છે અને શેકહેન્ડ કરેછ આવોજી.

જહાં—(જરના કાનમાં) હૂં તો જહાંબક્ષ છેઉં. નાટક જોયા કરજે આટોના બાફતી, ધાન ના બગાડતી.

જર—(કાનમાં) તારૂં ભલું થાયરે જહાં, તેં સું ફારસ કીધો. (કોટી કરેછ)
મેહ્લુજી—(મનમાં.) મનેબી કોટી કરરે મનેબી કોટી કર.
જહાં—(જરના ગાલપર હાથ ફેરવીને.) મને જરબાનું ઘણુાજ ગમેછ.
જર—(જહાંના ,, ,, ,,) મને આએ જાઇજીબી ઘનાંજ ગમેછ
મેહ્લુજી—(બેઉના ,, ,, ,,) ને તમે બેઉ મને ઘનાંજ ઘનાંજ ગમોછ.
કુમલો –(મનમાં) અરે તારી અકલ પર આગ લાગેરે બુઢ્ઢા. યે કાંય વરહ વેચતો ઓહે.
જર—તમારી ઓલખાણુ થવાથી મને ઘની ખુસાલી ઉપજીછ
જહાં—ને મને તમારા પાસાંમાં બેસતાં ગીલી ગીલી લાગેછ.
મેહ્લુજી—ને તમારાં પાસાંમાં બેસતાં મને એવુ લાગેચ કે જાને બે બાટલી સરબતમા અઘમણુ બરપ પીધુ
કુમલો—(મનમાં) નાતરાની તૈયારી
જહાં—(જરને) તારા પપ્પાતો જુલીયટના લવર રોમ્યો બની ગીયાછ.
જર—(જહાંને.) જા તારે બા તૂ મારા પપ્પાની ઘણી મસ્કેરી ના કર મને નહિ ગમતુ જો......... બધાં ગાય છે.

ગાયન.

બધાં—હાઉ સ્વીટ હાઉ ફાઇન ઓ ડારલીંગ માઇન
ખુશ ખુશાલી ભર્યો આ સમો.
જહાં—**જર**—મુજ મુરાદો આ દીલની ફલી
મેહ્લુજી—ઘેર બેઠઠાં પોટ્ટી ખાસ્સી મનની આ મલી.
જહાં—એક કીસ કીસ કીસ
જર—અરે ખીસ ખીસ ખીસ,
જહાં—આપની એક, એકજ કીસ, એકજ પ્યાર.
મેહ્લુજી—કીસ? કીસ, કીસ, કીસ,
જહાં—ખીસ? ખીસ ખીસ, ખીસ,
મેહ્લુજી—લે કટાર, કર એક વાર, મુજને માર
બધાં—ચાખો, ચાખો, મુરાદો મનની
જહાં—ઓ સ્વીટી
જર—ઓ ડારલીગ
મેહ્લુજી—ઓ હની,

જહાં—સુડી વચ્ચે સોપારી ખાસ્સી બેઠી
જહાં-જર-કતરઈ કે બેડો પાર. (ગાયન પછી)

જર—ચાલો આવોજી. હું તમુને તમારો ઓરડો દેખાડું.

મેલ્લુજી—હા, જાઓ જાઇજી જાઓ. તમારે ગમે તેવા બે ઓરડા પસ કરી લેઓ. દિકરા જર એવનને બધું સુખ સગવડ કરી આપ° જરાબી વાન ના કરતી જો. (જર અને જહાં જાય છે.)

મેલ્લુજી—કુમલા હૂં ધારૂંચ કે પરનેલી જીંદગી ખરેખરી સુખી હોયદ

કુમલો—હોવે હુખી તો ખરી.

મેલ્લુજી—તેમાં ઘડપણુમાં તો બઇરી જોઇયે ને જોઇયેજ.

કુમલો—હોવે જોઇયે ને જોઇયેજ.

મેલ્લુજી—હૂં કંઇ ઘનો ઘરડો નથી.

કુમલો—નારે કોને કીયેલૂં ? તમુને પાહંઠ વરહ.

મેલ્લુજી—અરે નહિંરે એટલાં બધાં નથી હજી તો ગીયે મહીને° ચોંસઠમું બેઠું.

કુમલો—તીવારે તો તદ્દન કુમરો કાકરી કલાર જેવો.

મેલ્લુજી—તારે હું હમના જો લગન કરૂ તો લોક કંઇ ગાંડું ઘેલું બોલે તો નહિં ?

કુમલો—અરે હાના બોલે ? માટીડો તો હો વરહનોબી પયને (મનમાં ને ગધેરા બને.

મેલ્લુજી—આએ જાઇજી ઝપટને વરે તે સું ધાર્યું ?

કુમલો—મનીખતો હારૂં લાગે, રૂપાલીબી ઘની.

મેલ્લુજી—તારે આપરે એની સાથે ગોથવઇ જઇયે તો કેમ. ?

કુમલો—(મનમાં.) આપરે ? પોતે પયને તેની હાથે મુનેબી પયનાવે કે.

મેલ્લુજી—વીચાર સું કરેછ અમારૂં બેનું જોરૂં કેવું લાગે વારૂં ?

કુમલો—બેઉ એકક હાથે ચાલો તો રહતો હોભી રીહે.

મેલ્લુજી—અવે તું ચાયની તૈયારી કર, તેટલાં હૂં જઇને જોઉંચ માંરા જાઇજી સું કરેછ. એવનના વગર મને જરા સોહવાતું નથ (જાયછે.)

કુમલો—દિકરો પયણુતી તો ડોહી થઈ પયન ડોહો વરઘોડો કહરાવવાનો ખરો. આપુને હૂં ? તે પયણે કે એ પયણે, આપુને તો વાગોવીટી મલહે ને મલહેજ.

{ જહાં અને જર આવે છે તેઓ વાત કરેછે તેટલાં કુમલો ચાયની ટેબલ ગોઠવેછ અને પ્યાલાં કીટલી વગેરે મુકેછ. }

જર—હું તારી સાથે નહિં બોલસ જો જહાં, તૂ મારા પપ્પાને ઘનો બેહકાવેચ તે કંઈ સારૂં નથી લાગતું જો.

જહાં—હૂ સું કરૂં! એવન મારી પર મોહી થયા તે પછી હૂ અટકાંઉ કેમ! ઉલટી મને તો બીક લાગેચ કે તારા બાવા મારા ગાલ જારતાર પસવાર્યા કરેચ તે રખેને ડાઢીના ખુપરા ભોકાએ.

જર—પન તારા ગાલ તૂં પસવારવા શું કરવા દેચ ?

જહાં—બુઢાને જરા લાર કરવા દેઉંચ મનેબી એવું મન થયા કરેચ કે ડોસાને ચુમી લેવાને મસે ગાલ પર ડાપું ભરૂં. જો સાંભલ બુઢાને મારે બરાબર સીસામાં ઉતારવાનો છે. જ્યારે તારા પપ્પા સાથે હું વાત ચલાઉં ને તૂને ઇશારો કરૂં કે તૂં ગુપચુપ વટી જજે.

(મેલ્લુજી આવેછે)

મેલ્લુજી—તમે કહાં ઉતાં મીસ જાઇજી ઝપટ, હૂ આખા બંગલામાં તમુને સોધી સોધીને વાજ વરી ગાંયો.

જહાં—મારૂં કંઇ કામ ઉતું કે જી ? હૂં તમારી સેવામાં હાજર છેઉં.

મેલ્લુજી—અરે સેવા સાની જો ? હૃ જાનું કે બેસીને વખત કાર્યેં, સુંખ દુઃખ સાંભર્યેં, ને એક એકના દિલનો ખોલાસો કર્યેં.

જહાં—(જરને) નાતરાંનું વાટું તૈયાર કર બુઢો તો આજેજ વરરાજો બનવા માંગેચ (મેલ્લુંજીને) જી હૂં તમારી દિકરી સાથે બંગલામાં ફરતો હંહં મકુંજે ફરતી તી.

મેલ્લુજી—એમ તમુને જારતાર થાંસો થઇ આવેચ તે સારો નહિં જો મારો જીવ ઉડી જાયછ; કંઇ વધી બધી જસે તો હું કહાં મરસ.

જહાં—મરવાનું ઓવારીયુંરે તમારી પરથી, જે નવી જૂની આવે તેના ચાર શીતલને જી નરછ.

જર—(જહાં) હવે ઘણો ઇતરછ ના જાની તો.

મેલ્લુજી—(મનમાં) જોયું કે ? પોરી પોતેબી આપરી ઉપર ઘરાં પરાં કરેછ.

કુમલો—મારાં લ્હેરાં બેઉ કેથાં ચરેલાં.

મેલ્લુજી—તમે બંગલો જોયો? તમુને ગમ્યો?

જહાં—હાજી મને ઘણોજ ગમ્યો. મને એવું થાયચ કે એ બંગલામાં હું જીવનજાન સુધી હંમેશ રેહુ

મેલ્લુજી—તમે ચાહસો તો હમેશ રેહસો.

જર—ને હૂંબી એવુંજ ચાહૂચ પપ્પા કે એવણ હમેશ અહીં આપરા બંગલામાં મારી પાસેજ રેએ

મેલ્લુજી—મારી દાહી દિકરીરે મારી દાહી દિકરી (મનમાં) લુચ્ચી જરબી બધુ મનમાં સમઝી ગેઇચ

કુમલો—(મનમાં.) જરબાનુને બી હાવકી માં જોઇતી દેખું.

મેલ્લુજી—ચાલો આવો, આપરે ચાય પીવા બેસીયે. બેસોજી તમે મારી પાસે બેસો.

(મેલ્લુજીના જમના હાથપર જર અને ડાભા હાથપર જહાંબક્ષ બેસે છે)

મેલ્લુજી—તમે મીઠ્ઠાં મધ જેવા છેઓ તે તમુને ચાહેમાં ખાંડ વધારે જોઇસે.

જહાં—મને મીઠાસ આપનારૂં તો કોઇ જુદુંજ છે.

મેલ્લુજી—(મનમાં) મારે વરે ઇસારો કરેછ પોટ્ટી પક્કી છે તો (જહાંનો નેપકીન જમીન પર પડી જાય છે.)

જહાં—મારો નેપકીન પડી ગીયો.

મેલ્લુજી—તમે બેસી રેહોજી હૂ ઉચકી આપુછ તમે એમ ઘરી ઘરી વાંકાં ટીકાં થયાં કરશો તો ચપ દેતો કે વરી થાંસો ઉભરી આવસે

(ટેબલની નીચેથી નેપકીન ઉચકવાને બહાને મેલ્લુજી અકરૂ બેસીને જહાંનો હાથ લઇ કીસ લે છે અને છાનીએ દાબે છે, અને ટેબલની ઉપર જહાંને જર એક એક ને કોટી કરેછ)

કુમલો—(મનમાં.) અરે આએ ડીઠ્ઠું કે ? ઉપર નાટક ચાલે ને નીચે ફારસ થાય.

જહાં—(જરને) હવે તૂં અહીંથી વજો માપી જા, ને કુમલાને બી તેડની જા.

(જર કુમલાને ઈસારત કરીને તેડી ચાલી જાય છે.)

(જહાં હાથ છટકાવીને ટેબલ પરથી ઉઠી જઇને.) ઓ વાય એ સું ધનક લઇ બેહાય ?

મેહ્લુજી—જર કહાં ગેઇ ?

જહાં—તમેબી સું ચેરા ચવીત્રાં કાહાડતા હોસો ; પેલી બીચારી જર સરમઇને ચાલી ગેઇ. એમ તે કઈ લોકા લોકના દેખતાં હાથ પકરીને કીસ લેવાની છે. ?

મેહ્લુજી—ઉફ્ : હૂ સું કરૂં ? મારૂં દિલ ફાટફાટ અને સાંનો ચાક ચાક થાયછ. ઓ માઈ જાઈ, ઓ મારી જાન, ઓ મારી જુલીયટ, (જહાં સારીની સોડમાં ડોકું ઢાકીને હસેછ) તું સરમઇ ના જા, ને જો આ રોહીનતન રોમ્યો રડમસ ચેહરે રડાકુટાના દાસ્તાનનું ધમસાન તુ રોશન ચેહરે દિલજાનના પગપર પડી બયાન કરેછ તે સાંભલ, અને બોલ કે,—(ગુઠણ પર પડે છે.)

જહાં—ઉભા થાઓરે ઉભા થાઓ કોઇ જોસે જાસે તો નામ ધરીને ખોટાં ચામડાં પીખ્ખી નાખસે. મરેરે આએ માટીડાને હવે કેમ સમઝાઉ ? તમારે પગે પડુ ઉભા થાઓ. ને ડપટ પરો.

મેહ્લુજી—નહી કદી નહી ! શેકસ્પીયર કબરમાંથી સજીવન થાએ તોબી નહિં, હેમલેટ, સુલેહને શાંતીનો સલાહકાર બને તોબી નહી, ઓથેલો ચીરડાઇ યા ખીજવઈ જાય તોબી નહિં ; બસ જહાં વેર તું હા નહિં કેહ અને તારા હથોડા સમાન નાજુક હાથે તાલી પર તાલી નહિં ઠોકે તાં વેર કદી નહિં ડપટ પરૂં. બસ તારા પગ આગલ માંથું પટકીને મરસ. માનસ બદલઇને જાનવર થવસ, કુવામાં પડસ, ભૂખે પ્યાસે મુરદાલ બની ઝરી જવસ, પને તૂને મારી ડીયરેસ ડારલીંગ કરસને ફ્ર કરસ.

> ઓ આઈ વીલ મેક યુ માઇ લવીગ વાઇફ,
> ઓર થસ્ત ઇન થ્રોટ વન નાઇફ.

જહાં—(મનમાં) વાહ એતો બધા ભાસામાં બોલેછ, ચીનઈ ભાસામાંબી બોલસે ખરો કે ?

મેહ્લુજી—બોલ સું વિચાર છે ? ગાડી ઘોડો, બૂટને જોડો, વારી વારો, ભેંસનો પારો, સઉ તારીપર કુરબાન, બસ તૂં કેહ કે તૂ મારી છે, આપરી જોરી કેવી પ્યારી છે, હૂ રંડાયલો ને તું કુમારી છે.

જહાં—હવે કેમ કરૂં ? હા કહયા વગર મારો છુટકોબી નથી ; મારોબી જીવ તમારી પર ઘનો ઠોરેછ.

મેહ્લુજી—હાં, ઠોરેછકે ? દોડવાદે દોડવાદે લગામ ખેંચતી ના, નહી તો ઘોડો ઘોસ મોરદુ થસે.

જહાં—ચાલો હવે ધીરાપરો હું કબુલ છેઉં.

મેલ્લુજી—(ઉઠીને જહાંને વરગી પડે છે.) ઓ માઇ કલેજાંની કોમરી, હવે મારા જેવો સુખી કોન?

જહાં--(મનમાં.) અરે તું મરેરે બુઢા, મારી બધી વીગ ચુંથી પીખી નાખી (મોટે.) લેઓ તમે કેહેચ તે હુ કબૂલ કરૂંચ, પન એક સરતે

મેલ્લુજી—એક સરત? અરે તારી બધી સરત કબૂલ. જોકીબી તુંજ, ને ઘોડોબી તારોજ; બુકીબી તુંજ ને બેટીંગબી તારીજ; પૈસાબી તારા, સ્તારટરબી તારોજ; ફેવરીટબી તુંજ, ને વીનીંગબી તારીજ.

જહાં—હવે તમે પોયટ "લારીયટ" ના બનોની તો સાંભરો, તમારી દિકરી માથા ઉપરવારી થઇ તેને પરણાવીને પરવારો તો હું તમારી માંગની કબુલ કરૂં. કોઇ નામ ધરસે કે દિકરી કાચી કુમારી બલદયા જેવી ઘેરમાં પડેલી છે ને બુઢો જાહરૂસ પોતે પરણીને હજામરો બન્યો.

મેલ્લુજી—હા એમ કોઈ નામ તો ધરસે, પન સબુર મારા ધ્યાનમાં એક વાત આવી. મારો દોસ્તનો દિકરો જહાંબક્ષ જમરૂખી કરીને છે ને તેની સાથે જર પનવા માંગેચ.

જહાં—તારે પન્નાવીને બલા કહારો કે પીરા ઓઢી. પછી ઘેરમાં આપરે બેઉ એખલાં રહીને ગમે તેમ નવરે નાચયા કરસું.

મેલ્લુજી—હા. માથેરાન ને માહમબલેસરમાં હનીમુન ગુજારસું, ને જ્યારે સીનેમેટોગ્રાફમાં જસું ને તાં અંધાંરૂ થસે તારે બચક બચક કીસી કરસું.

જહાં—તે વખત વારે સઉ થઈ રહસે. હમના તો તમે આઓ કાગલ કલમ લેઓને હું લખાઉં તેમ લખો.

(મેલ્લુજી કાગલ કલમ લઇ જહાંબક્ષ લખાવેછ તેમ લખેછ.)

જહાં— લખો, મારા વહાલા બેટા જેહાંબખસ જમરૂખી. જત તમે મારી બેટી જરબાનુ સાથે પરણુવાની માંગણી કરોછ તો તે હૂં કબૂલ રાખુંછ. આજે તમો મારે બંગલે આવજો કે આજેજ તમોને જરબાનુ સાથે રૂપ્યા પહેરાવીને અદરાવી દેઉં. લા. તમારો હેતવંતો સસરો. મેલ્લુજી મુરદાલ.

જહાં—લાઓ હ એ ચીટ્ટી મોકલસ. (ગજવાંમા મુકેછે.)

મેલ્લુજી—હવે તું રાજી થઈ મારી જાની જુલ્યટ ?

જહાં—હવે રાજી થયો અરે થઈ. હું જઇને જરને કેહું કે તેબી રાજી થાય.

મેલ્લુજી—પણ એક કીસ, એક ચુમી, એક બોસો, એક બકી. (જહાં, હાથ છટકાવી નાહસી જાયછ અને મેલ્લુજી બેહાથ પોહલા કરી એમ તેમ દોડે છે.] ઓ એક કીસ આપરે એક કીસ.

(સુનાબાઇ આવેછે જેની સાંથે મેલ્લુજી અથડી પડેછે.)
(બેઉ ધભરઇને એક બીજાંના મોંહડાં જોય છે.)

સુના—મરેરે આએ માટીડો એમ સું કરેચ ? તમે કોણ છેઓ બાવા

મેલ્લુજી—મારાં ઘેરમાં આવીને મનેજ પુછોચ કે કોન છેઓ ? તમે કોન છેઓ ?

સુના—આએ તમારૂં ઘેર ?

મેલ્લુજી—તારે સું તમારા બાવાનુ ?

સુના—ઓ વાય, જરા સાન સલુકે વાત કરો.

મેલ્લુજી—તાહરે હૂં સું ગારબેર દઇને વાત કરૂંચ ? તમે છેઓ કોન ?

સુના—હૂતો મેલ્લુજી મુરદાલને મલવા આવીચ.

મેલ્લુજી—તે હુંજ મી. મુરદાલ.

સુના—તમે માનકબાઈ માસ્તરન ઉપર કાગલ લખીને તમારી દિકરીને વરે કંમ્પેનીયન બોલાવેલી.........

મેલ્લુજી—હા હા મેં લખેલુ તમે માનકબાઇને ઓરખોછ કે ?

સુના—હાજી તેવન તો મારાં મોટાં ફ્રેંડ થાયછ.

મેલ્લુજી—તાહરે તેવનને કે જો કે તમે મોકલેલી બાઈ મને એતાંના વારમાંજ ઘની ગમી.

સુના—(મનમાં) ઓ લેરે, એટલા વારમાં હું તો એવનને ઘની ગમીબી

મેલ્લુજી—ને કેજો કે તેને જોતાંજ મારો જીવજાંન કુરબાન થઇ ગીયોચ.

સુના—(મનમાં.) ડોસો મને જોતાંજ કુરબાન થઈ ગીયો ?

મેલ્લુજી—ને વરી કેજો કે મારી દિકરીની કંમ્પેનીયન તે મારીબી જીંદગી વેરની કંમ્પેનીયન.

સુના—જી હું બધું કેહવસ. પન તમે એમ જોતાંના વારમાંજ કુરબાન થઈ જાઓછ, ને જીંદગી સુધીની તમારી કંમ્પેનીયન બનાવોચ તે લગન કરવાનો વિચાર છે કે કેમ?

મેહ્લુજી—હાજ તો વરી, બીજુ સુ? (સુનાબાઇનો હાથ લઈ તેપર પોતાનો હાથ ઠોકીને) તમેબી યાદ રાખજો ને માનેકબાઇનેબી કેહજો કે લગનને દહારે મારી બઇરીના નામપર પચીસ હજાર.

આપું પચ્ચીસ હજાર રૂપ્યા પચ્ચીસ હજાર,
મારી વાહલી ડાર્લીને હું આપુ પચ્ચીસ હજાર

સુના—તે-જી લગન કાહરે કરસો?

મેહ્લુજી—હેં? મારી ડારલીગ કેહ તારે હવરે, બપોરે, સાંજે, રાતે, મધરાતે, પાછલી રાતે, જાહરે ફ્રમાવે તારે... ..

સુના—મરેરે મારાં નસીબમાં એકાએક કેવો ફેરફાર થઇ ગીયો નોકરી રેહવા આવી, તો ઘેરની સેઠાની થઈ બેઠી બીચારો બુઢ્ઢો અથાનથા થઈ રહયોછ તે બેચાર મહીનામાં તાકો ધરી કરશે તો બીજી થમની મલસે.

મેહ્લુજી—કેમ સુ વિચાર કરોચ? ઘરડાબી પ્યાર કરવામાં બહાદર હોયચ કેની? અરે હુ તો લગન પછી લાર લરાવસ લાર

સુના—હારે મરૂં તમે તો લાર લરાવો તેવાજ છેઓ. (શરમઈ શરમઇને) પણ તમે જોતાંના વારમાંજ મોહી પરયા કે?

મેહ્લુજી—બસ જોતાંના વારમાંજ "મને તીરછી નજરને મારયા દિલ ઘાયલ કરી દીધા સારયા"

સુના—પણ પછી તમે વાંધા તો નહિ કરો? પછી એમ તો નહિ કેવો કે એતો ઘરીભરનુ તમારૂ ઘેલાપનુ ઉતુ, કે તમે પાધેલા ઉતા તેથી એમ કેહયું

મેહ્લુજી—છટ. એક વખત કબુલ થયો કે પન્નું, તો એક વખત નહિ પણ સાત વખત પન્નું

સુના—તારે તો તમારા દિલની મુરાદ પુરી પડસે.

મેહ્લુજી—મુરાદ, મુરાદ તો ઉપ એક ફીસીનીજ છે.

સુના—જી મને ઘની સરમ લાગેચ.

મેહ્લુજી—તે તમુને કાંય સરમ લાગેચ? (મનમાં.) એ કાંય સરમઈ મરતી હોસે?

સુના—(મનમાં.) બુઢાને કિસ આપવીજ જોઇસે નહિ તો હાથમાંથી છટકી જસે.

મેલ્લુજી—એ તમે સાનો વિચાર કરોછ? કંઇ સમઝાવસો?

સુના—હવે તમારી મરજીજ છે તો લેઓ કીસ. (સુના ગલે વળગી પડે છે તેવામાં કુમલો આવે છે.)

કુમલો—અરે મારા પરવર દેગાર

મેલ્લુજી—અરે અરે એ સું કરોચ? માય માય એ સું કરોચ?

સુના—ઓ વાય માય કોન? માંય કહેતાં લાજ નહી આવતી? બઇરીને માય કેહવાય કે?

કુમલો—(મનમાં) એ નવી કીકાથી આવી? (મેલ્લુજીને) હેઠ, ઈ તમારી બયરી?

મેલ્લુજી—અરે નહીરે, બઇરી કોણના બાપની? એતો ગરે પરેચ

સુના—ગરે કોન પરેચ? હમનાજ તમે કેહયું કેની કે તમે કુરબાન થયાચ ને કીસ આપો

મેલ્લુજી—અરે તે તો પેલી માસ્તરને મોકલેલી કમ્પેનીયનને વરે કેહતો તો

સુના—તે, માસ્તરને મોકલેલી કમ્પેનીયન તો હુંજ ઓ માઈ ડીયર એમ એવકા નાથા આવ મને કાટી કર.

(સુના તેની તરફ દોડેછે અને મેલ્લુજી નાહસ્તો ફરે છે)

મેલ્લુજી—પકરરે પકર કુમલા, નાતરે ગેઇ તો ધસી ધસીને દિલ પરજ આવેચ.

કુમલો—(સુનાને પકડીને.) બાઇ બાઇ એ હૂ તોફાન કરો?

સુના—તું વચમાં માંથુંના માર, ઉભોરે કાટી કરવાદે તારો સેઠ મને જોતાંને જોતાંજ વાર કુરબાન થયોચ, ને મારો વર. ધની, અને દિલજાન બન્યોચ

મેલ્લુજી—ખોટ્ટી વાત, જુઠ્ઠી વાત, માસ્તરને મોકલેલી છોકરી તો મારાં ઘેરમાં છે. આએ તો કોઇ ઠગારી છે.

કુમલો—હોવે કોઇ ઠગારી લાગતી છે.

સુના—ઠગારો તૂ, ને તારો બાપ, મુવા ચોટ્ટા એમ દગલ બાજી કરેચ?

કુમલો—એ બાઇ, તું કોન્ને આમ ફાટું ફાટું બોલે? હેઠને ઓરખે કે?

સુના—ઓરખ્યો ઓરખ્યો. મુવા કાફર, મુવા ચંડાલ, મુવા મુજી, બાઇ

માણસને વચન આપીને પતરી જાયચ? હું હમના હાઈ કોરટમાં જાઉંછ ને જી ભરૂં મરૂં દાવર જજને કેહીને તુને તુરંગમાં મોકલાઉંચ.

મેલ્લુજી—અરે મારી માય, તું તતરવીખી ના પડની, જરા સાંભલની, ગેર સમજુતી થઇછ.

સુના—ગેર સમજુતીબી નથી થઇ ને વારી બંગલા સમજુતીબી નથી થઇ. તારો હૂં એક બોલબી સાંભરવાની નથી,

કુમલો—તો મારૂં હાંભર.

સુના—ચાલ મુઆ દોજખી, સેઠના જેવોજ તુંબી સાઇ, એક ઘેરને બીજો કસાઇ.

(સપાટ કાઢીને બેઉને મારવા ડોડેછે, ગડબડ થાયછે. જર અને જહાં આવે છે.)

જર—અરેરે એસું ગરબર? બઇરાં તમે કોન છેઓ?

જહાં—તમે એમ મેલ્લુજીની પુઠે ડોરોચ કાંય?

મેલ્લુજી—હા પુછની કે તારા મેલ્લુજીની પુઠે એ કાંય દોસ્તી હોશે?

સુના—એને મારી સાથે પનવાંનુ વચન આપ્યુંછ.

જર—ખરેખર? તમારો સુધલો બરેરે બાવાજી, આવી મુઈ વાંદરીને કહાંથી પસંદ કીધી.

સુના—તો વાંદરી તું, ને ડાકણબી તું; જો મુઇ ધરો લેના આવીચ તે.

જર—ધરો આપની તારાં ઓયાં ઉતાંને મારી ઉપરથી તને ઓવારૂં સાત વખત.

સુના—તો ઓવારની આએ બુઢા ખોખા બાપને, મુઓ જાહરૂસ પનવા નીકલ્યો, મર મુઆ તું પનતો (કટકા મોરે છે.)

જહાં—અરે તમે લરીવહરી સાના મરોચ? બઇરાં તમે કોન છેઓ, જરા ધીરજથી સમજાવસો?

સુના—જોની બેહન, તું સમજુ લાગેચ.

જહાં—હાજી જનમથીજ.

સુના—જી તારા ધણી વીયારને. મને માનકબાઇ માસ્તરને મોકલીચ કે આએ ધરડાની દિકરી આગલ કંમ્પેનીયન તરીકે નોકરી રેઉં. તો આવતાનાં વારમાં આએ મુવો ડોસો કહેજે હૂંતો કંમ્પેનીયન પર મોહી પડયોજ.

જર—**જેથી** તું એમ સમજી કે તારી આવી મંગલ સુરત પર બાવાજી મોહી પરયા.

સુના—તે તારા બાવાની સૂરત તે કેવી ગુલેગુલાબ જેવી છે? મુઓ ચીમ્પાનજી વાંદરા જેવો તો છે.

મેલ્લુજી—તુંને માનકબાઇયે મોકલેલી હોયજ નહિં, કારણ કે માસ્તરને મોકલેલી તો આએ મારી પનોતી પોપટી છે.

જહાં—નહિંબા મને કંઇ માસ્રને મોકલી નથી.

મેલ્લુજી—નથી મોકલી! તારે તું કોણ છે?

જહાં—જર સાથે અદરાવા તમોએ ચીઠ્ઠી લખીને આજે જેને બોલાવ્યો તે મી. જહાંબક્ષ જમરૂખી પોતે. દા. ખુદ. (સાડી કાહડી નાખે છે).

કુમલો—અરે તારી! બારીવાટે હું ઉરી જવા તો.

મેલ્લુજી—ચોર ચાંડાલ તેં મને ઠગ્યો એ બધી મારા ઘઘેરા પનાની મોહકાન છે. જહાં, તેં મને આજે ઘનુ સારૂં સીખવ્યું. જા, જરને વીટી બીટી પહેરાવવી હોય તો પહેરાવીને આગ લગાર.

કુમલો—તે આએ નવીને વીટી કોણ પેરાવહે? તમે પેરાવો કે હુ પેહરાઉં!

સુના—હવે મારે પનવુંજ નથી.

મેલ્લુજી—ઘણી મેહરબાની. આએ દુકતાની ઠગઇને લીધે બધી કચુબર થઇ ગેઇ; ને બાઈ તેથીજ તારો હુર્યો થઇ ગીયો.

સુના—મારો સાનો હુર્યો થયો? નારો તો થયો.

મેલ્લુજી—અરે બાપુ મારો થયો, માંડીવારની. મારી દીકરીના લગનને દહારે તુંને સારી સુધાના કપડાંને સુન્નાની બાંગરી સાંકડી પહેરાવસ.

કુમલો—ને મને વાગો વીટી?

(ટેબલો.)